PG CL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૧/૧૭–૧૮/ ૫૯૭૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી હરેશકુમાર કેશવભાઈ ચોવટીયા,
શ્રી રાજેશભાઈ વાલજીભાઈ ડોબરીયા,
C/O, કીરીટ કે. ચોવટીયા (એડવોકેટ),
ક્રિષ્ના કોમ્પલેક્ષ– ૧,
ફર્સ્ટ ફલોર, ઓફિસ નં.–૧૧,
નાના મૌવા મેઈન રોડ,
રાજનગર ચોક, રાજકોટ
મો: ૯૯૨૪૩૦૦૫૦૪, ૯૯૭૯૧ ૦૪૭૮૨

**વિષય :–બાકી લેણી રકમ અને નવા જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૮/કવા–૦૧/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ
…સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૮/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૧–૦૭–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: (૧) શ્રી હરેશકુમાર કેશવભાઈ ચોવટીયા, ગામ: રાજકોટ

(૨) શ્રી રાજેશભાઈ વાલજીભાઈ ડોબરીયા , ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે કીરીટભાઈ કેશવભાઈ ચોવટીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

## ફરીયાદ : બાકી લેણી રકમ અને નવા જોડાણ બાબત

### પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

મુદદા નં.–૧ :

| | |
|---|---|
| ૧ | બન્ને અરજદારો તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને બન્ને અરજદારો તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | બન્ને અરજદારો જણાવે છે કે, તેઓ શ્રી એ, '' ૧૫૦ ફુટ ના રીંગ રોડ પર આવેલ એવા – બાલાજી કોમ્પલેક્ષ મા આવેલ ઓફિસ ના નં. –૩૦૪ અને ઓફિસ નં.–૨૧૩ મા, નવા વાણીજય જોડાણ મેળવવા માટે ની, જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની, નિયત અરજી ફોર્મ મા સંપૂર્ણ વિગતો ભરપાઈ કરીને, એ મુજબ, વિધીસર ની કુલ ૦૨ અરજીઓ, જે પીજીવીસીએલ ની નાનામૌવા રોડ પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ છે. પરંતુ, સદર જોડાણ વાળા સ્થળ ના બીલ્ડર એવા, ''શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક '' ના નામે, '' પીજીવીસીએલ ની બાકી લેણી રકમ '' હોવાના કારણોસર – પીજીવીસીએલ તરફથી, તેઓ બન્ને અરજદારો ને '' સદર બન્ને ઓફિસો – જે પીજીવીસીએલ ના દેવાદાર પાસેથી, ખરીદાયેલ હોવાના કારણોસર – એટલેકે, સદર ઓફિસ વાળા બીલ્ડીંગ મા, બીલ્ડર સામે ની, પીજીવીસીએલ ની અગાઉ ની બાકી લેણી રકમ ની વસુલાત ના કારણોસર '' નવુ જોડાણ પીજીવીસીએલ તરફથી આપવાની કાર્યવાહી કરાયેલ નથી. |
| ૧.૨ | અરજદાર શ્રી, ફોરમ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને વિગતે ચર્ચા કરી, અને જરૂરી પેપર્સ રજુ કરી, અને ફોરમ કમિટી ને વિનંતી સહ જણાવે છે કે, '' તેમની માંગણી મુજબ ના વાણીજય કોમ્લેક્ષ ની મુળ માલીકી – જે પીજીવીસીએલ ના અગાઉ ના બાકીદાર એવા શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ની છે. અને આ બીલ્ડર એવા શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંકે, આ જમીન પર વાણીજય કોમ્લેક્ષ ઉભુ કરેલ છે. તે કોમ્લેક્ષ મા વાણીજય ઓફિસો બનાવેલ છે. અને તે મુજબ, આ ઓફિસો મા ઘણા હૈયાત વીજજોડાણ ો, જે આજે પણ, – પીજીવીસીએલ ના મુળ દેવાદાર એવા શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ના નામ પર ચાલુ છે. તદ ઉપરાંત, દેવાદાર ની રાજકોટ તેમજ રાજકોટ ની બહાર અન્ય એવી મીલ્કત પર દેવાદાર ના નામે જોડાણો ચાલુ છે. જેથી, પીજીવીસીએલ તરફથી, મુળ દેવાદાર ના નામ ના, આ મુજબ ના, રાજકોટ ખાતેના અને રાજકોટ ની બહાર આવેલ એવા અન્ય સ્થળો પર ના જોડાણોમા, સદર દેવાદાર શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ની, પીજીવીસીએલ ની બાકી લેણી રકમ ચડાવી, ઉધાર કરી, આ મુજબ દેવાદાર ને કાયદેસર ની નોટીસ આપી અને તે મુજબ, સઘન કક્ષાની વસુલાત કરવાનુ, પીજીવીસીએલ માટે પ્રથમ ચરણ છે. '' પરંતુ, પીજીવીસીએલ તરફથી, '' આ સ્થળ પર આવેલ દેવાદાર ના અંગત ભોગવટા ના ચાલુ કનેકશન પર, દેવાદાર ની બાકી લેણી રકમ, જે દેવાદાર ને ખાસ નોટીસ પાઠવી, અને હૈયાત જોડાણ ના બીલીંગ ખાતામા ઉધાર કરી '' અને વસુલાત ની નિયમાધીન કાર્યવાહી – જે, પીજીવીસીએલ તરફથી, નિયમાધીન અંતર્ગત ના પ્રથમ ચરણ મા વસુલાત ની કાર્યવાહી થયેલ નથી. પરંતુ, આ મુજબ ની પ્રથમ ચરણની વસુલાત ની કાર્યવાહી કરવાને બદલે, પીજીવીસીએલ દ્વારા ''તેઓ શ્રી ને, તેમની માંગણી મુજબ ના સદર જગ્યા પર, નવા ૦૨ વાણીજય જોડાણો, જે અગાઉ ના બીલ્ડર ના બાકી લેણા ના કારણોસર '' – સદર ૦૨ જોડાણ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી કરાયેલ નથી. ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની આ બાબત, ન્યાયિક રીતે યોગ્ય અને નિયમાધીન રીતે વ્યાજબી જણાયેલ ન હોય, આ બાબતે, ન્યાયિક રીતે યોગ્ય કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ઓ ની સવાલવાળી અરજી મા, નવા ૦૨ વાણીજય જોડાણ મેળવવા ની માંગણી કરાયેલ હોય એવા , '' ૧૫૦ ફુટ ના રીંગ રોડ પર આવેલ એવા – બાલાજી કોમ્પલેક્ષ મા આવેલ ઓફિસ ના નં. –૩૦૪ અને ઓફિસ નં.–૨૧૩ મા'' સદર જોડાણ વાળા સ્થળ ના – આ વાણીજય બીલ્ડીંગ બનાવનાર બીલ્ડર, ''શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક '' ના નામે આવેલ અગાઉ ના જોડાણ નંબરઃ ( જુના ગ્રાહક નં.: ૩૦૬૦૮/૨૮૫૬૧/૭ અને નવા ગ્રાહક નં.: ૮૮૬૦૮/૨૮૫૬૧/૪ ) મા, '' પીજીવીસીએલ ની, અગાઉ ની બાકી લેણી રકમ વસુલાત અન્વયે ની કાનુનન કાર્યવાહી – જે હાલ ના તબ્બકે ના – સ્મોલ કોઝ જજ સાહેબ ની રાજકોટ ની અદાલત સમક્ષ ના – દીવાની કેઈસ નંબરઃ ૮૫/૨૦૦૭ – થી'' સદર બાકી લેણી રકમ ની વસુલાત મુજબ ની કાર્યવાહી હાથ ઘરાયેલ છે. આમ, ફરીયાદી અરજદારો ની માંગણી મુજબ ની જગ્યા પર, અગાઉ પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત પાત્ર હોય, આવા કારણોસર સદર બન્ને અરજદારો ને આવી વીજકંપની ની બાકી લેણી વાળી જગ્યા પર, નવા જોડાણો આપી શકાય નહી. |
| ૨.૨ | પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા નામાદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના ધારાધોરણ મા કરાયેલ જોગવાઈ મુજબ – જે જગ્યા પર નવુ જોડાણ મેળવવાનુ હોય, તે જગ્યા પર અગાઉ ની પીજીવીસીએલ ની બાકી લેણી રકમ હોવી ન જોઈએ, અથવા તો જો આવી પીજીવીસીએલ ની બાકી લેણી રકમ હોય, અને અરજદારે આવી જગ્યા પર નવુ જોડાણ મેળવવા નુ હોય તો, અરજદારે પીજીવીસીએલ ની માંગણી મુજબ ની જગ્યા પર ની બાકી લેણી રકમ ની ભરપાઈ પીજીવીસીએલ મા કરવાની બાબત, નવા અરજદાર માટે જરૂરી છે. આ મુજબ, '' અરજદારે મીલ્કત ખરીદી સમયે, સદર મીલ્કત મા આવેલ અગાઉ ના કપાયેલ અથવા તો હૈયાત જોડાણ મા વીજકંપની ની કોઈ રકમ બાકી રહેતી ન હોવા સબંધક – પ્રમાણપત્ર વેચાણ કરનારા પાસેથી લેખીત મા મેળવી – અને તે મુજબ ની ખરાઈ વીજકંપની ની કચેરી મા કરવાની બાબત, અરજદાર માટે નિયમાધીન વ્યાજબી છે. '' |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ (રીવાઇઝ સપ્લાયકોડ) ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' નવા જોડાણ, પુનઃ જોડાણ, વીજભાર મા વધારો / ઘટાડો, નામ મા ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા બાબતે ની તમામ અરજીઓ સમયે, '' – તે જગ્યા ના સબંધીત વીજકંપની ના કોઈ વસુલાત પાત્ર એવા લેણા – અથવા અરજદાર ના નામ પર વીજકંપની ના વસુલાત પાત્ર એવા લેણા – ભરપાઈ થયા બાદ જ, નવુ જોડાણ આપી શકાય. આ બાબત, પીજીવીસીએલ માટે, નામદાર જીઈઆરસી ના માર્ગદર્શક ધારાધોરણ અન્વયે ની હોય, પીજીવીસીએલ માટે યોગ્ય અને વ્યાજબી છે. |
| ૩.૨ | પરંતુ, સદર કેઈસ મા, સદર ૦૨ ફરીયાદી અરજદારો ના જણાવ્યા મુજબ ના, '' માંગણી મુજબ ના, બાલાજી કોમ્પલેક્ષ મા જ, પીજીવીસીએલ ના મૂળ દેવાદાર એવા, શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક '' ના નામના, '' અન્ય વીજજોડાણો'' ચાલુ છે. તદ ઉપરાંત, પીજીવીસીએલ ના મૂળ દેવાદાર એવા, શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ના નામના, '' રાજકોટ શહેર તેમજ અન્ય સ્થળ પર'' ઘણા વીજજોડાણો હૈયાત છે, અને ચાલુ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી, બાકી લેણી રકમ ની વસુલાત ની, પ્રથમ ચરણરૂપ કામગીરી હેઠળ, '' પીજીવીસીએલ ના મૂળ દેવાદાર એવા, શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ના નામના, '' સદર કોમર્શીયલ કોમ્પલેક્ષ અથવા તો અન્ય સ્થળ પર આવેલ એવા તમામ વીજ જોડાણો ની ચકાસણી હાથ ધરી, ખરાઈ કરી, અને તે મુજબ, સદર દેવાદાર ની બાકી લેણી રકમ ની વસુલાત ની કામગીરી, જે – દેવાદાર ને ખાસ નોટીસ પાઠવી, અને આવા હૈયાત વીજ જોડાણો મા, સદર બાકી લેણી રકમ ઉધારી – એ મુજબ, વસુલાત ની પ્રથમ ચરણરૂપ ની કામગીરી સંપન્ન કરવા ની કામગીરી, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય છે. પરંતુ, સદર પ્રથમ ચરણરૂપ ની વસુલાત ની કામગીરી સંપન્ન કર્યા વગર, પીજીવીસીએલ દ્વારા, જે '' સવાલવાળા નવા વાણીજય જોડાણ ના અરજદારો પાસેથી વસુલાત કરવાની અથવા તો, નવા જોડાણો આપવાની કાર્યવાહી અટકાવી દેવાની જે, હાલ ના તબ્બકા ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરાયેલ છે, તે બાબત ને, ફોરમ કમિટી તરફથી સંપુર્ણ વ્યાજબી અને ન્યાયિક રીતે યોગ્ય ગણેલ નથી. |

| | |
|---|---|
| ૩.૩ | જેથી, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને, ઉપર દર્શાવ્યા મુજબ ની પ્રથમ ચરણરૂપ ની કામગીરી, જે મૂળ દેવાદાર પાસેથી બાકી લેણી રકમ ની વસુલાત કરવા બાબતે ની કાર્યવાહી, જે સક્રીયપણે હાથ ધરવાનો – આમ, મુળ અરજદાર પાસેથી બાકી લેણી રકમ ની વસુલાત ની, પીજીવીસીએલ ની સક્રીય પણા હેઠળ ની કામગીરી દરમ્યાન – હાલ તુરંત જ, ફરીયાદી અરજદાર શ્રી ઓ ની સદર ૦૨ નવા વાણીજય જોડાણ મેળવવા ની અરજીઓ, જે નોંધણીચાર્જે વસુલ કરી , અને માત્ર નોંધણી ની પ્રક્રીયા જ, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ સંપન્ન કરવાનો – આ નોંધણી થયા બાદના સમયગાળા દરમ્યાન – મુદદા નં. ૩.૨ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ની – મુળ દેવાદાર પાસેથી પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત થયા બાદ જ – સદર બન્ને અરજદારો ને નવા જોડાણો આપવાની મંજુરી આનુષાંગીક એવી તમામ કાર્યવાહી હાથ ધરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને, પીજીવીસીએલ ના મૂળ દેવાદાર એવા શ્રી બાબુભાઈ માવજીભાઈ ટાંક ના નામ પર આવેલ એવા રાજકોટ અથવા તો અન્ય સ્થળ પર ના હૈયાત વીજજોડાણો ની વિગતો ત્વરીતે હાસલ કરી, અને તે મુજબ, દેવાદાર ના સદર હૈયાત જોડાણ પર, દેવાદાર ની બાકી લેણી રકમ વસુલાત પાત્ર હોવાની બાબત, દર્શાવતી ખાસ નોટીસ, દેવાદાર ને આપી – અને તે મુજબ, હૈયાત જોડાણ મા સદર રકમ વસુલાત ની નિયમાધીન અંતર્ગત ની, પ્રથમ ચરણ મા આવતી એવી તમામ કામગીરી, એટલેકે જે મૂળ દેવાદાર પાસેથી બાકી લેણી રકમ ની વસુલાત બાબતે ની પ્રથમ ચરણરૂપ ની કામગીરી – ત્વરીતે હાથ ધરવાનો – અને મુળ અરજદાર પાસેથી વસુલાત કરવાની આ કામગીરી દરમ્યાન, હાલ તુરંત જ, ફરીયાદી અરજદાર શ્રી ઓ ની સદર ૦૨ નવા વાણીજય જોડાણ મેળવવા ની અરજીઓ, જે નોંધણીચાર્જે વસુલ કરી – અને માત્ર નોંધણી ની પ્રક્રીયા જ – જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પીજીવીસીએલ દ્વારા સંપન્ન કરવાનો – અને આ નોંધણી થયા બાદના સમયગાળા દરમ્યાન – મુદદા નં. ૩.૨ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ની – મુળ દેવાદાર પાસેથી પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત થયા બાદ જ – સદર બન્ને અરજદારો ને નવા જોડાણો આપવાની મંજુરી આનુષાંગીક એવી તમામ કાર્યવાહી હાથ ધરવા બાબતે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબનો, ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.